અપીલ અરજી નં.૬૪૩ તા.૨૧–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૨–૦૧–૧૨ની અરજીથી ટી.પી.સ.નં. ૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૧૪૭ ખાતે હાલમાં તૈયાર થતાં મલ્ટીલેવલ પાર્કીંગ કોમ્પલેક્ષ બાબત મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે હાલમાં તૈયાર થતાં બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સ કે ગુણવત્તામાં થયેલ ગેરરીતી બદલ ઈજારદાર વિરુદ્ધ, આ કામ જે અધિકારીની દેખરેખ હેઠળ થયું હોય તે અધિકારી વિરુદ્ધ કે અન્ય કોઈ લાગતા–વળગતા ખાતા વિરુદ્ધ આપના વિભાગ તરફથી કે મ્યુનિસિપલ કમિશ્નર વિભાગ તરફથી કે વિજીલન્સ વિભાગથી જે કંઈ પણ કાર્યવાહી થઈ હોય, તે તમામ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો તથા આ કાર્યવાહી જે તે વિભાગમાં કયા કયા સ્તર પર છે તેની વિગતો આપશો. મુદ્દા નં. (૨) આ બાંધકામમાં વપરાતા મટીરીયલ કે ગુણવત્તામાં કંઈ પણ ગેરરિતી થાય તો તેમાં કસુરવાર કયા કયા અધિકારીને ઠરાવી શકાય તેની અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી આપશો.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૨–૦૧–૧૨ની અરજીથી ટી.પી.સ. નં. ૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૧૪૭ ખાતે હાલમાં તૈયાર થતાં મલ્ટીલેવલ પાર્કીંગ કોમ્પલેક્ષ બાબત મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે હાલમાં તૈયાર થતાં બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સ કે ગુણવત્તામાં થયેલ ગેરરીતી બદલ ઈજારદાર વિરુદ્ધ, આ કામ જે અધિકારીની દેખરેખ હેઠળ થયું હોય તે અધિકારી વિરુદ્ધ કે અન્ય કોઈ લાગતા–વળગતા ખાતા વિરુદ્ધ આપના વિભાગ તરફથી કે મ્યુનિસિપલ કમિશ્નર વિભાગ તરફથી કે વિજીલન્સ વિભાગથી જે કંઈ પણ કાર્યવાહી થઈ હોય, તે તમામ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો તથા આ કાર્યવાહી જે તે વિભાગમાં કયા કયા સ્તર પર છે તેની વિગતો આપશો. મુદ્દા નં. (૨) આ બાંધકામમાં વપરાતા મટીરીયલ કે ગુણવત્તામાં કંઈ પણ ગેરરિતી થાય તો તેમાં કસુરવાર કયા કયા અધિકારીને ઠરાવી શકાય તેની અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા કાર્યવાહીનો તબક્કો–જવાબદાર અધિકારીના નામ સહિત, વધુમાં મુદ્દા નં. (૨) અંગે દફતરી સ્થિતિ પણ સ્પષ્ટ કરવા સાથે આ અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહી સહ સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૧૦ તા.૫–૩–૧૨ થી** સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૫૫ તા.૭–૪–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૮૯૨ તા.૩–૧–૧૨ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૫૩૮ તા.૧–૩–૧૨ ના યાદપત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૫૮૧ તા.૩–૩–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ આ.નં.૭૦૪૭ તા.૫–૩–૧૨ ના પત્રની નકલ, પત્ર

નં.સા.ઈ.ઝોન/ટેક./આ.નં.૨૨૮૨ તા.૫–૮–૧૧ થી સર્જન કન્સ્ટ્રક્શન પ્રા.લિ. ને આપેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./આ.નં.૩૬૪૫ તા.૧૯–૧૦–૧૧ થી સર્જન કન્સ્ટ્રકશન પ્રા.લિ. ને આપેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./આ.નં.૫૨૫૨ તા.૩–૧–૧૨ થી સર્જન કન્સ્ટ્રકશન પ્રા.લિ. ને આપેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./આ.નં.૫૩૬૯ તા.૦૭–૧–૧૨ થી સર્જન કન્સ્ટ્રકશન પ્રા.લિ. ને આપેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./આ.નં.૫૭૨૮ તા.૨૧–૧–૧૨ થી સર્જન કન્સ્ટ્રકશન પ્રા.લિ. ને આપેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./આ.નં.૬૯૮૪ તા.૨–૩–૧૨ થી સર્જન કન્સ્ટ્રકશન પ્રા.લિ. ને આપેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૮૪૩/૧ તા.૨૧–૩–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/એસ્ટા/૨૧૩૩ તા.૨૧–૧૦–૧૧ થી શ્રી એસ બી. ચૌધરી ને આપેલ કારણદર્શક નોટીસની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/એસ્ટા/૨૧૩૩/૨ તા.૨૧–૧૦–૧૧ થી શ્રી ડી.બી.પાટીલ ને આપેલ કારણદર્શક નોટીસની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૮૬ તા.૧૪–૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પાઠવેલ પત્રની નકલ , પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૮૪૩/૨ તા.૨૧–૩–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૭૯ તા.૭–૪–૧૨ થી કાર્યવાહીમાં થયેલવિલંબ અંગેની જાણ કરતો મેમાનો ખુલાસો અંગેના પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૦૨૮ તા.૩૦–૩–૧૨ થી સા.ઈ.ઝોન મહેકમ વિભાગમાં ફરજ બજાવતા ત્રીજી શ્રેણી કલાર્ક શ્રી ડી.બી. ચૌહાણને મળેલ મેમોની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૮૯૨ તા.૩–૧–૧૨ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે હાલમાં તૈયાર થતાં બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સ કે ગુણવત્તામાં થયેલ ગેરરીતી બદલ ઈજારદાર વિરુદ્ધ, આ કામ જે અધિકારીની દેખરેખ હેઠળ થયું હોય તે અધિકારી વિરુદ્ધ કે અન્ય કોઈ લાગતા–વળગતા ખાતા વિરુદ્ધ આપના વિભાગ તરફથી કે મ્યુનિસિપલ કમિશનર વિભાગ તરફથી કે વિજીલન્સ વિભાગથી જે કંઈ પણ કાર્યવાહી થઈ હોય, તે તમામ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો તથા આ કાર્યવાહી જે તે વિભાગમાં કયા કયા સ્તર પર છે તેની વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૪૩/૨ તા.૨૧–૩–૧૨ થી મલ્ટીલેવલ પાર્કીગની કામગીરી બાબતે ઈજારાદાર શ્રી સર્જન કન્સ્ટ્રકશન પ્રા.લી. ને કામગીરી બાબતે સીટી ઈજનેરશ્રી તથા ઈ.ચા. કાર્યપાલક ઈજનેર શ્રી આપવામાં આવેલ નોટીસ નંગ–૬ ની નકલ અરજદારને આપવામાં આવેલ છે. (પાના નંગ ૧ થી ૬ ) વધુમાં ઈજારદારે તા.૦૧–૧૨–૧૧, ૨૧–૧૨–૧૧, તા.૨૨–૧૨–૧૧ તથા તા.૬–૧–૧૨ ના રોજ ફરી પી.સી.સી. કરી ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ થીકનેશ જાળવેલ છે. કુલ નકલ નંગ–૧ થી ૬ ની આ સાથે બિડાણ છે. તથા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમઆ.નં.૩૮૪૩/૧ તા. ૨૧–૩–૧૨ થી મે.સીટી ઈજનેરશ્રી એ વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસરશ્રીને મલ્ટીલેવલ પાર્કીગના કામનું પી.સી.સી.ના કામની થીકનેશ ચેક કરી રીપોર્ટ કરવા જણાવતા તે ચેક કરી વીજીલન્સ ઓફિસરશ્રી એ સદર બાંધકામનો રીપોર્ટ રજૂ કરેલ છે. (પાના નં.૧ ,૨) તેમાં લોકેશન વાઈઝ પી.સી.સી. થીકનેશ તથા થીઆ ની થીકનેશ ઓછી જણાતા કામગીરી સંતોષકારક ન જણાતા મે. સીટી ઈજનેરશ્રીની તા.૧૩–૧૦–૧૧ ની નોંધ અન્વયે જુની. ઈજનેરશ્રી એસ.બી. ચૌધરી તથા સુપરવાઈઝર શ્રી ડી.બી. પાટીલને કારણદર્શક નોટીસ તા.૨૧–૧૦–૧૧ થી આપવામાં આવેલ છે તે કારણદર્શક નોટીસના પેઈજ નંગ–૨ પૂરા પાડવામાં આવેલ છે (પાના નં.૩,૪) વધુમાં જવાબદાર કર્મચારીઓને આપેલ શિક્ષાત્મક કાર્યવાહી ચાલ છે જે કુલ નકલ નંગ૧ થી ૪ પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૨) આ બાંધકામમાં વપરાતા મટીરીયલ કે ગુણવત્તામાં કંઈ પણ ગેરરિતી થાય તો તેમાં કસુરવાર કયા કયા અધિકારીને ઠરાવી શકાય તેની અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે નીચે જણાવેલ અધિકારીને કસુરવાર ઠરાવી શકાય. (૧) શ્રી ડી.એ. હરપલાની ઈ.ચા. કાર્યપાલક ઈજનેર (૨) શ્રી ડી. આર. શેઠ ડે. ટાઉન પ્લાનર (૩) શ્રી એસ બી. ચૌધરી જુની. ઈજનેર (૪) શ્રી ડી.બી. પાટીલ સુપરવાઈઝર (૫) શ્રી એમ. એસ.ગામીત ટેક. આસી. વધુમાં સદર કામે ટી.પી.આઈ. ટેકનીકલ આસી. શ્રી એચ. જી. એસ. ઈન્ડિયા પ્રા.લિ. ની નિમણુંક કરવામાં આવેલ છે. ટેકનીકલ ચકાસણીની તમામ જવાબદારી તેમની રહે છે. તેવું જણાવેલ છે.

વધુમાં જાહેર માહિતી અધિકારીના પત્ર ન.. સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૫૮૧ તા.૩–૩–૧૨ થી મુદ્દા નં.(૧) સદર બાબતમાં મે. સીટી ઈજનેરશ્રીએ વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસરશ્રીને મલ્ટીલેવલ પાર્કીગનું કામનું પી.સી.સી.ના કામની થીકનેશ ચેક કરી રીપોર્ટ કરવા જણાવતા તે ચેક કરી વીજીલન્સ ઓફિસરશ્રીએ સદર કામનો રીપોર્ટ રજૂ કરી તેમાં લોકેશન વાઈઝ પી.સી.સી. થીકનેશ તથા થીઆ ની થીકનેશ ઓછી જણાતા કામગીરી

સંતોષકારક ન જણાતા મે.સીટી ઈજનેરશ્રીએ તા.૧૩–૧૦–૧૧ ના રોજ જુની. ઈજનેરશ્રી એસ. બી. ચૌધરી તથા સુપરવાઈઝર શ્રી ડી.બી. પાટીલને કારણદર્શક નોટીસ મે. સીટી ઈજનેરશ્રી ધ્વારા તા. ૨૧–૧૦–૧૧ થી આપવામાં આવેલ છે. આમ સદર મુદ્દા નં.૧ નો આંશિક જવાબમાં સદર કામગીરીમાં જવાબદાર કર્મચારીને આપેલ કારણદર્શક નોટીસનો ફોરવર્ડીંગ રીપોર્ટ પેઈજ નંગ–૧ તથા કારણદર્શક નોટીસના પેઈજ નંગ–૨ મળી કુલ પેઈજ નંગ–૩ આપવા જોગ થાય છે. વધુમાં જવાબદાર કર્મચારીઓને આપેલ કારણદર્શક નોટીસની આ કાર્યવાહી પેન્ડીંગ છે. જેથી વધારાની માહિતી આપી શકાય તેમ નથી. તથા મુદ્દા નં.(૨) સદર કામની આરટીઆઈ એકટ હેઠળની અરજી ઈ. નં.૭૯૯ તા.૫–૧–૧૨ થી ડે. ટાઉન પ્લાનરશ્રીને મોકલવામાં આવેલ હતી. તથા ત્યાર બાદ તેઓના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ. નં.૩૫૩૮ તા.૧–૩–૧૨ થી યાદપત્ર આપતા તેઓએ તા.૧–૩–૧૨ ધ્વારા સદર પત્રની વિગતોનો પ્રત્યુત્તર પીઓશ્રીને પાઠવવાનો રહે છે. સદર કામની મુળ ફાઈલ ડે. ટાઉન પ્લાનરશ્રી પાસે હોય બાકી રહેલ મુદ્દા નં.૧ ના આંશિક જવાબ તથા મુદ્દા નં.૨ નો જવાબ ડે. પ્લાનરશ્રીએ આપવાનો રહે છે. તેવું જણાવેલ છે.

વધુમાં અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૧૦ તા.૫–૩–૧૨ થી અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પણ આધાર કે પક્ષ રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૨–૧૨ ધ્યાને લેતાં ૨૧–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,